### મોડાસાના ટીંટોઈ ગામે શાળામાં જવા નીકળેલ ધોરણ-૯ના બે અને ધો-૧૦નો એક વિદ્યાર્થી ગુમ

# ટીંટોઈ ગામે ત્રણ બાળકો ગુમ થતા ચકચાર

મોડાસા, તા.૨૧

મોડાસાના ટીંટોઈ ગામની શ્રી.પી.એમ.કોઠારી હાઈસ્કૂલ માં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થી મિત્રો ગુરુવારે સવારે હાઈસ્કૂલમાં જવા ઘરે થી નીકળ્યા પછી મોડી રાત્રી સુધી ઘરે પરત ન ફરતા ત્રણે વિદ્યાર્થીઓના પરિવારજનોએ શોધખોળ આદરી હતી સતત સગા-સબંધી ને ત્યાં અને આજુબાજુ તપાસ કર્યા બાદ બીજા દિવસે બપોર સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોમાં ફફડાટ ફેલાયો હતો ત્રણે બાળકોના પરિવારજનોએ ટીંટોઈ પોલીસ સબ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે તપાસ હાથધરી હતી સ્કૂલ સંચાલકો પણ શાળાએ દોડી આવ્યા હતા ટીંટોઈ ગામના ત્રણ વિદ્યાર્થીઓના ગુમ થવાની ઘટનાના પગલે ભારે ચકચાર મચી છે

મોડાસા ના ટીંટોઈ ગામે ત્રણ





શ્રમિક પરિવારોના ૧ ) મંગલસિંહ કમલસિંહ રાઠોર (ધો.૧૦) ,૨) રાહુલ નવલ ભાઈ રાઠોડ (ધો.૧૦) અને ૩) પિયુષ જીતેન્દ્ર ભાઈ કારીગર (ધો.૯) માં ટીંટોઈ ગામની જાણીતી શ્રી.પી.એમ. કોઠારી હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે ગુરુવારે ત્રણે વિદ્યાર્થીઓ મિત્રો હોવાથી દરરોજ સાથે શાળાએ જતા હતા ગુરુવારે ત્રણે વિદ્યાર્થીઓ શાળાએ અભ્યાસ માટે ઘરે થી નીકળ્યા બાદ રાત્રીના ૮ વાગ્યા સુધી ઘરે પરત ન ફરતાં પરિવારમાં ચિંતા વ્યાપી હતી. બાળકો પરત ન ફરતાં પરિવારજનોએ આસપાસમાં તેમજ સગા સંબંધીઓને ત્યાં ભારે શોધખોળ કરી હતી. શોધખોળ બાદ પણ આ ત્રણેય બાળકોનો કોઈ પત્તો ન લાગતાં આખરે પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી જેના પગલે પોલીસે બાળકોની શોધખોળ હાથ ધરી છે.

પરિવારજનોના જણાવ્યા અનુસાર શાળાએ ગયેલા ત્રણે છોકરાઓ આસપાસમાં ક્યાંક રમતા હશે તેમ જાણી પરિવારજનોએ મોડે સુધી રાહ જોઈ હતી પરંતુ મોડે સુધી કિશોરો પરત ન ફરતાં પરિવારજનોએ આસપાસમાં આ ત્રણેય કિશોરોની શોધખોળ હાથ ધરી હતી. પરિવારજનોએ સગા સંબંધીઓને ત્યાં પણ શોધખોળ કરી હતી પરંતુ બાળકોનો કોઈ પત્તો ન લાગતાં પરિવારે આખરે પોલીસને જાણ કરી હતી. વાતની ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે આ ત્રણેય કિશોરોને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ખેડબ્રહ્મા હરણાવ નદીના કોઝવેમાં પાથરણાવાળાના કારણે

# રાહદારીઓ હેરાન-પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા હરણાવ નદી ઉપર કોઝવે બનાવવાવમાં આવેલ છે જેના ઉપર મોટાભાગના રાહદારીઓ ગામમાંથી સ્ટેશનમાં આવવા માટે



તસવીર : રમેશ વૈષ્ણવ

ઉપયોગ કરે છે પણ કોજવેની બન્ને બાજુ પાથરણાવાળા અને લારીવાળા બેસતા હોઈ રસ્તો સાંકડો થઈ જવાના કારણે રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

ખેડબ્રહ્મા શહેરમાં હરણાવ નદી પસાર થાય છે જે શહેરને જુના ગામ અને નવા ગામ એમ બે ભાગમાં વહેંચે છે લોકોની સુવિધા માટે ખેડબ્રહ્મા નગર પાલિકાએ નદીમાં કોઝવે બનાવવામાં આવ્યો હતો. જેથી લોકોને અને શાળામાં જતા બાળકોને મોટા પુલ ઉપરથી ના જવું પડે. પરંતુ કોઝવેની બને બાજુ પાથરણાવાળા અને લારીઓવાળા વહેલી સવારથીજ જગ્યા રોકી લેતા હોય રાહદારીઓ અને નાના વાહન ચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે.

આ ઉપરાંત કોઝવેની બંને બાજુ કોઈ રેલિંગ કે આડશ ન હોઈ અકસ્માતનો ભય રહેલો છે. પાથરણાવાળા એટલી જગ્યા રોકી લે છે કે બે વાહન સામસામે આવી જાય તો મુશ્કેલી પડે છે. ગામના લોકોએ વારંવાર નગરપાલિકામાં રજુઆત કરી હોવા છતાં પાથરણાવાળાને હટાવવામા આવતા નથી.

લોકોની માગણી છે કે ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા નદીની બંને બાજુ રિવરફ્રન્ટ બનાવવામાં આવ્યો છે ત્યા અને શીત કેન્દ્રની સામે નગરપાલિકાએ ૧૪.૩૩ લાખના ખર્ચે બ્લોક લગાવી બે ખુલ્લા પ્લોટ પાથરણાવાળા અને શાકભાજીવાળાને બેસવા બનાવવાવમાં આવ્યા છે. જેને એક વર્ષ થયું પણ કોઈ જ ફેરિયો ત્યાં બેસતો નથી જેથી લોકોની માંગણી છે કે પાથરણાવાળાઓને ત્યાં ખસેડવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા હલ થાય અને લોકોને પણ એક જ જગ્યાએ બજાર મલી રહે.




## ખેડબ્રહ્મા જ્યોતિ હાઇસ્કૂલ ખાતે સ્વચ્છતા રથનું થયુ આગમન

ભારત સરકારની સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૯ની તૈયારીના ભાગરૂપે ગુરુવારના રોજ સ્વચ્છતા રથનું આગમન થયું હતું. જે સંત નથ્થુબાપા જ્યોતિ વિદ્યાલય ખાતે આવ્યો હતો જ્યાં એલઈડી સ્ક્રીન પર બાળકોને સ્વચ્છતાના પાઠ અને સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા હતા. જેમાં શાળાના આચાર્ય સુરેશભાઈ પટેલ, નગરપાલિકા સેનેટરી ઈન્સ્પેક્ટર નરેન્દ્રસિંહ પરમાર, નગરપપાલિક કર્મચારીઓ જોડાયા હતાં. આ રથ પેટ્રોલપંપ, સરદાર પટેલ ચોક, માણેક ચોક, શેઠ કે.ટી. હાઈસ્કૂલ, બ્રહ્માજી ચોકમાં ફર્યો હતો. જ્યાં લોકોને સ્વચ્છતા અભિયાનમાં જોડાવા અને સ્વચ્છતા માટેના નિર્દેશો આપવામાં આવ્યા હતા.

## ઊંઝા-સિદ્ધપુરના એટીએમના નાણાં ચાઉં કરનાર સામે ફરિયાદ

ઊંઝા, તા. ૨૧

ઊંઝા અને સિદ્ધપુર ખાતે આવેલ બેંકોના એટીએમમાં નાણાં ભરવાનું કામ કરતી કંપનીના નોકરે પોતાના અધિકારનો દુરૂપયોગ કરીને બેંકોના એટીએમમાં અંદાજે સવા સાત લાખ જેટલી રકમ નહીં ભરીને જાહેર નાણાંની ઉચાપત કરી કંપની સાથે વિશ્વાસઘાત કર્યા બાબતે ઊંઝાના એક શખ્સ વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે.

વિગત એવી છે કે બેંક ઓફ ઈન્ડિયામાં ઊંઝાના એટીએમમાં તેમજ બેંકના સિદ્ધપુર ખાતેના એટીએમ અને સિદ્ધપુર દેનાબેંકના એટીએમનું ગત તા. ૩૦મી નવેમ્બર-૨૦૧૮ના રોજ ઓડીટ કરવામાં આવ્યુ હતુ. જેમાં રૂપિયા ૭,૨૦,૬૦૦ની ઘટ માલુમ પડી હતી. આમ બેંકોમાં નાણાં ભરવાનું કામ કરતી કંપનીના નોકરે નોકર તરીકેના અધિકારનો ગેરકાયદે ઉપયોગ કરી તા. ૩૦મી નવેમ્બર ૨૦૧૮ પૂર્વેના દિવસોમાં કટકે કટકે ઊંઝા અને સિદ્ધપુર ખાતે આવેલ બેંક ઓફ ઈન્ડિયા તથા બેંકના પોતાના હવાલાવાળા એટીએમ વોલ્ટમાં ભૌતિકરીતે રોકડ રકમ રૂ. ૧૦,૨૦,૬૦૦ એટીએમમાં નહીં ભરી જાહેર નાણાંની ઉચાપત કરી કંપની સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનું બહાર આવ્યું હતું. જે પૈકી કસ્ટોડિયન ધ્રુવ સુરેશભાઈ પટેલના હિસ્સામાં આવેલ ત્રણ લાખ રૂપિયા ભરપાઈ થતા બાકીની ઘટ ૭,૨૦,૬૦૦ રૂપિયા રાવળ ધર્મેશ બચુભાઈના હિસ્સામાં હોઈ આ રકમ ભરપાઈ ન થતાં કંપનીના જાટ શક્તિસિંઘ રાજેન્દ્રસિંઘે ઊંઝા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ધર્મેશ બચુભાઈ રાવળ રહે. ઊંઝા વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૦૮ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ભિલોડાના ટાકાટુકા ગામ નજીક સ્વિફ્ટ કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા, તા. ૨૧

૩૧ ફર્સ્ટ ડિસેમ્બર નજીક આવતા બુટલેગરો ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવા ભૂરાંટા બન્યા છે. દારૂબંધીનો ફાયદો ઉઠાવી વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપલો કરી યુવાધનને બરબાદીની ગર્તામાં ધકેલી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે અરવલ્લી જીલ્લાની સરહદો પરથી ઘુસાડાતો વિદેશી દારૂ અટકાવવા પોલીસતંત્રને શખ્ત કાર્યવાહીના આદેશ આપતા ભિલોડા પોલીસે ટાકાટૂંકા-ટોરડા રોડ પરથી સ્વીફ્ટ કારમાંથી રૂ.૧૪૭૬૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી કાર ચાલકને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ભિલોડા પીએસઆઈ એસ.આર. સંગોડા પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળતા ટાકાટૂંકા-ટોરડા રોડ પરથી પસાર થતી સ્વીફ્ટ કાર (ગાડી.નં.-જીજે.૧. એચક્યુ. ૮૨૬૪)ને અટકાવી કારમાં તલાશી લેતા કાર સંતાડેલો ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂ તથા બિયર ટીન મળી કુલ નંગ - ૪૪૪ કીં.૧૪૭૬૦૦ તથા સ્વીફ્ટ કાર કીં. રૂ. ૨૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૪૭૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક અમરતભાઈ શાંતિલાલ ડામોર (રહે. ઉખેડી શુકપાડા, ઉદેપુર, રાજસ્થાન)ને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દઈ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ભ્રષ્ટાચારના મુદ્દે ઈટાવડી પંચાયતને તાળાબંધી કરવાની ચિમકી

હિંમતનગર, તા. ૨૧

વિજયનગર તાલુકાની ઈટાવડી ગ્રામ પંચાયત દ્વારા કરાયેલા વિકાસ કામોમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું માનીને ગ્રામ સમિતિએ આ અંગે ભુતકાળમાં અનેક વખત જિલ્લા, તાલુકા અને સ્થાનિકકક્ષાએ કરેલી રજુઆત બાદ કોઈ કાર્યવાહી ન થતા આખરે ઈટાવડીની ગ્રામ સમિતિએ આગામી તા. ૨૯ ડિસેમ્બરના રોજ ગ્રામ પંચાયતને તાળાબંધી કરવાની ચિમકી આપી તે અંગે ગુરૂવારે હિંતનગર ખાતે આવી કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી છે.

આ અંગે ઈટાવડી ગ્રામ સમિતિના અગ્રણી અજય પટેલ, ચંદુભા ડામોર તથા ધુળજીભાઈ નિનામા સહિત અન્ય લોકોના જણાવાયા મુજબ ઈટાવડી ગ્રામ પંચાયતમાં ચુંટાયેલા પદાધિકારીઓની રહેમ નજરથી ગામમાં થયેલા અનેક વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર કરીને સરકારી નાણાંનો સરેઆમ દુરપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યો છે જે અંગે ગ્રામજનોએ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી સહિત ઉચ્ચકક્ષાએ ભુતકાળમાં રજુઆત કરી હતી પરંતુ ગમે તે કારણસર ઈટાવડી ગામે થયેલા વિકાસકામોની તપાસ થઈ નથી.

ગ્રામ સમિતિના કહેવા મુજબ તેમણે ભ્રષ્ટાચાર બાબતે ગત તા. ૨૧ જૂન, ૨૩ જુલાઈ તથા ૧૬ ઓગષ્ટના રોજ તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં જાણ કરી હતી. ઉપરાંત સેવાસેતુ કાર્યક્રમમાં પણ રજુઆત કરાયા બાદ રાજકીય અથવા તો અગમ્ય કારણોસર ઈટાવડી ગામમાં થયેલા વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર અંગે તંત્ર દ્વારા કોઈ ઠોસ કાર્યવાહી થઈ નથી જેથી ગ્રામજનોએ ફરીથી તપાસ કરવા માટે નક્કી કર્યું છે.

ગ્રામ સમિતિએ આ મુદ્દાને લઈને ગુરૂવારે વિજયનગર તાલુકા પંચાયત, કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારી મળીને આગામી તા. ૨૯ ડિસેમ્બરના રોજ તાળાબંધી કરવાની ચિમકી ઉચ્ચારી છે જેથી તંત્રના અધિકારીઓએ તેમની ફરજના ભાગરૂપે ઈટાવડી પંચાયત હસ્તકના વિસ્તારમાં થયેલા વિકાસ કામોના ભ્રષ્ટાચારની તપાસ કરીને જો જરૂર જણાય તો કસુરવારો સામે સખ્ત કાર્યવાહી કરવાની ગ્રામ સમિતિએ માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે ઈટાવડી પંચાયતના પદાધિકારીઓ તથા તેમના મળતીયાઓએ ભેગા મળીને સીસીરોડના કામો તમામ બોર મોટરોની ખરીદીના કામો તથા અન્ય હેડે મળતી સરકારની ગ્રાન્ટમાંથી વિકાસકામોના નામે પોતાનો સ્વાર્થ સિદ્ધ કર્યો હોવાનો આક્ષેપ ગ્રામસમિતિ દ્વારા અપાયેલી લેખીત રજુઆતમાં કરાયો છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે અધિકારીઓ ક્યારે કેવી રીતે કાર્યવાહી કરે છે.

# લાંબા વાળ માટે મોડાસાની યુવતીને ગિનિઝ બુકમાં સ્થાન

મોડાસા, તા. ૨૧

લીમ્કા બુક ઓફ રેકોર્ડ, ઈન્ડિયા વર્લ્ડ રેકોર્ડ બાદ ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરી સમગ્ર વિશ્વમાં અરવલ્લી જીલ્લાનું નામ ગુંજતું કરનાર ધો.૧૧માં અભ્યાસ કરનાર નીલાંશીની ઊંચાઈ ૫.૨ ઈંચ છે જયારે તેના વાળની લંબાઈ ૫.૭ ફૂટ (૧૭૦.૦૫ સે.મી) ધરાવે છે. વિશ્વમાં સૌથી લાંબાવાળ માટે નીલાંશીને ઈટાલીની રોમ ખાતે ગિનિસ વર્લ્ડ રેકોર્ડના જજના હસ્તે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ માટેનું સર્ટિફિકેટથી નવાજવામાં આવી હતી. મોંગોલિયા ટીવી સ્પર્ધા માટે તેને તેની માતા-પિતા સાથે ભાગ લેવા બોલાવી હતી. ત્યારબાદ તેને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બુક માટે આમંત્રિત કરાઈ હતી.

વર્લ્ડ રેકોર્ડમાં ૧૭૦.૦૫ સે.મી (૫.૭ ફૂટ) લાંબા વાળ માટે સ્થાન પ્રાપ્ત કરનાર નીલાંશી પટેલે જણાવ્યું હતું કે ૬ વર્ષની ઉંમરથી લાંબા વાળ પસંદ હોવાથી માથાના વાળ વધારવાની શરૂઆત કરી હતી અને ૧૦ વર્ષની તેની અને તેની મમ્મી દ્વારા થતી માવજતથી ૫.૭ ફૂટ લંબાઈ પ્રાપ્ત કરી છે. દરરોજ અડધો કલાક વાળ પાછળ માવજત માટે ફાળવતી હોવાની સાથે વાળ વધારવા માટે કોઈ પણ વિશેષ તેલ કે શેમ્પુ ઉપયોગ કરતી ન હોવાનું




જણાવ્યું હતું. માથાના વાળ વધારવામાં તેની માતા કામિનીબેન પટેલ અને પિતા બ્રિજેશભાઈ પટેલ સતત પ્રોત્સહન પૂરું પાડતા હોવાનું જણાવ્યું હતું. નીલાંશી પટેલ ટેબલ ટેનિસમાં મોડાસા અને રાજયનું નેશનલ લેવલે પ્રતિનિધિત્વ કર્યું હોવાની સાથે સ્કેટિંગ, સ્વિમિંગ, ચેસ અને વાંજીત્રો પણ વગાડી જાણે છે. સ્વિમિંગમાં લાંબાવાળમાં પાણી ભરાઈ જતું હોવાથી થોડી તકલીફ પડતી હોવાનું જણાવ્યું હતું.

# ટીંટોઈ ગામે તલાટી વગર ગ્રામજનો હેરાન પરેશાન

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે છેલ્લા કેટલા સમયથી તલાટી ગેરહજારીથી ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. મોડાસા તાલુકાનું વધારે વસ્તી ધરાવતું ગામ ટીંટોઈ છે. જેથી ગ્રામલોકોને અવારનવાર પંચાયતનું કામ વધારે હોય છે. ત્યારે સરકાર દ્વારા અડદ મગ અને મગફળીની ખરીદી ટેકાના ભાવ ચાલુ છે ત્યારે મોટી સંખ્યામાં ખેડૂતો પાણી પત્રકમાં નોંધ કરાવી શકતા નથી. ગ્રામપંચાયતમાં જન્મ-મરણના દાખલ તેમજ અન્ય સરકારી યોજનાઓ માટે દાખલની જરૂરિયાત હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી તલાટી જોવા મળતા નથી જેને લઈને પ્રજા મુશ્કેલીમાં મુકાઈ છે તે અંગે મળતી વિગત મુજબ ટીંટોઈમાં તલાટીની



નિમણૂક થઈ ન હોવાથી કુડોલ ગામના તલાટી આર. એ.પટેલને ટીંટોઈમાં ચાર્જમાં મુક્યા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ તલાટી ટીંટોઈ ગ્રામ પંચાયત માત્ર અટવાડિયામાં એક દિવસ દેખાતો દેવા આવે છે. તલાટીની અનિયમિતાના કારણે ટીંટોઈ ગ્રામજનોને પરેસાનમાં મુકાયા છે. આ અંગે ટીંટોઈ ગ્રામ પંચાતમાં કાયમી તલાટીની નિમુયક થાય તે માટે ટીંટોઈ ગ્રામજનોની માંગ બની છે.

## થરાદ-લાખણી તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેન, મંત્રીઓ સાથે ચિંતન શિબિર યોજાઈ

બનાસ ડેરી અને દૂધ સહકારી મંડળીઓ વચ્ચેનો સંપર્ક સેતુ મજબૂત બને, દૂધના વ્યવસાયમાં વૈશ્વિક પ્રવાહોથી સૌ માહિતગાર થાય, મંડળીઓના પ્રશ્નો અધ્યક્ષતામાં કાંકરેજ તાલુકાની દૂધ ઉત્પાદક મંડળીઓના ચેરમેનશ્રી અને મંત્રીશ્રીઓ સાથે ચિંતન શિબિરનું આયોજન થરા ખાતે કરવામાં આવ્યું હતુ.

વધુમાં આ બાબતે જણાવ્યું હતુ કે ડેરી દ્વારા તેના સંચાલનની પદ્ધતિઓમાં પરદર્શી ફેરફારો હાલના કેટલાક સમયમાં કરેલ હોઈ ગયા વર્ષ કરતાં પણ આ વર્ષે વધુ નફો પશુપાલકોને



સંઘ મારફતે કઈ રીતે હલ થાય અને સંઘ મંડળીઓ પાસેથી શું અપેક્ષા રાખે છે આવા તમામ પાસાઓની દૂધ મંડળીઓના મંત્રીશ્રીઓ અને ચેરમેનશ્રીઓ સાથે રૂબરૂ ચર્ચા કરી તેનો ઉકેલ કરવાની દિશામાં જરૂરી કાર્યવાહી થાય તે માટે બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીની

આ પ્રસંગે ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ દૂધ મંડળીના પ્રતિનિધીઓ સાથે સીધો સંવાદ સાધતા જણાવ્યું હતુ કે હાલ દૂધના વ્યવસાયક્ષેત્રે વૈશ્વિક મંદીનો માહોલ હોવા છતાં બનાસ ડેરી પોતાના વિવિધ પ્રયાસોથી પશુપાલકોને દૂધના ઉંચા ભાવ ચુકવી રહી છે. ચેરમેનશ્રીએ આપી શકે તેવી સ્થિતિમાં આપણી બનાસ ડેરી પહોંચી છે. ચેરેમેનશ્રીએ ડેરીના મધના વેચાણ અને બાદરપુરા ઓઈલ પ્લાન્ટ ક્ષેત્રે કરેલ સાહસોનો ઉલ્લેખ કરી જનાવ્યું હતુ કે આ તમામ પ્રયત્નોથી ખેડૂતની આવક વધારવાની દિશામાં બનાસ ડેરી મહત્વપૂર્ણ ભાગ ભજવી રહી છે.

## ધાનેરા પોલીસે આલવાડા રાજોડા ત્રણ રસ્તા પાસેથી દારૂ સાથે મુદ્દામાલ જપ્ત કર્યો

બનાસકાંઠા જિલ્લા પોલીસ પ્રદિપ સેજુળ સાહેબ ની સુચના તથા શ્રી અજીત રાજયાણ મદદનીશ પોલીસ અધિક્ષક થરાદ વિભાગ તેઓના માર્ગદર્શન મુજબ દારૂના કેશો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ હોઈ જે આધારે આજ રોજ આર કે પાઠક પી.આઈ ધાનેરા તથા રવિકુમાર રમેશભાઈ તથાં જસવંતસિંહ કેશરસિંહ તથા ભેમજીભાઈ ધનરાજભાઈ તથા હરેશકુમાર ગૌરીશંકર તથા વગેરે પો.સ્ટાફ ના માણસો સાથે આલવાડા રાજોડા ત્રણ રસ્તા પાસેથી બાતમી ના આધારે નાકાબંધી કરી સિફટ ગાડી નં જીજે ૨૭ કે ૫૯૧૬ માંથી ભારતીય બનાવટી વીદેશી દારૂ ની પેટી નં- ૧૫ કુલ બોટલ નંગ-૬૪૮ કિ. રૂ. ૭૪,૪૦૦ તથા સિફટ ગાડી કિ.રૂ.૫,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ ૫,૭૪,૪૦૦ નો કબજે કરેલ છે તથા ગાડીના ચાલક વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરૂવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## ડીસા રામવાસ ગામે વીજ ડીપીના સમારકામ વખતે દાઝેલા વિજકર્મીનું સારવાર દરમિયાન મોત

### ડીસાના રાજપુરના યુવકના મોતથી પરિવારજનો શોકમાં ગરકાવ

ડીસા તાલુકાના રામવાસ ગામમાં ૧૫ દિવસ અગાઉ જેટકો કંપનીના કેપીસીટરના સમારકામ દરમ્યાન ગંભીર રીતે દાઝી ગયેલા વીજ કર્મીને ડીસાની સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે મહેસાણાની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.જોકે ગઈ રાત્રે આ વીજ કર્મી યુવકનું સારવાર દરમ્યાન અવસાન થતા ડીસાના રાજપુર વિસ્તારમાં રહેતા મૃતકના પરિવારજનો ઊંડા આઘાતમાં ગરકાવ થઈ ગયા છે.

આ દુઃખદ ઘટનાની વિગતો કઈક એવી છે કે ડીસાના રાજપુર વિસ્તારના વતની અને હાલ ડીસા ખાતે રહેતા મૌલિકકુમાર રાજુભાઇ પરમાર જેટકો કંપનીમાં ફરજ બજાવતા હોઈ પખવાડિયા પૂર્વે તેઓ જેટકો કંપનીના એન્જીનીયર આર.કે. પરમારની સૂચનાથી ડીસા તાલુકાના રામવાસ ગામે વીજ કેપીસીટરનું સમારકામ કરવા ગયા હતા.જે વખતે કેપેસીટર ફાટતા તેઓ છાતી તથા શરીરના ભાગે ગંભીર રીતે દાઝી જતા તેમને ડીસા ખાતે પ્રાથમિક સારવાર અપાવી વધુ સારવાર અર્થે મહેસાણા ખાતેની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં ગુરુવારે રાત્રે આ વીજ કર્મીનું સારવાર દરમ્યાન મોત થતા પરિવારજનો આઘાતમાં ગરકાવ થઈ ગયા છે.

આ બનાવ અંગે મૃતકના પિતાએ 'ગાંધીનગર સમાચાર' સાથેની વાતચીતમાં જેટકોના એન્જિનિયર આર.કે.પરમારે મનમાની ચલાવી ચાલુ વીજ પ્રવાહે સમારકામ કરાવતા આ ઘટના બની હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. આ બનાવ અંગે ભીલડી પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો નોંધી ભીલડી પીએસઆઈ એસ.વી. આહિરે વધુ તપાસ હાથ ધરી છે.